પત્રિકા
૧૭૪

# ચિરાગે હિદાયત

૩૧/૦૮/૧૮
૧૯ ઝીલ્હજ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૨ ઝીલ્હજ/૦૩ સપ્ટેબર : હઝરત મુસ્લીમ(અ.સ.)ના ફરઝંદોની શહાદત
૨૪ ઝીલ્હજ/૦૫ સપ્ટેબર : ઈદે મુબાહેલા

## ઈદે મુબાહેલા

૨૪ ઝિલ્હજ ઈદે મુબાહેલાનો દિવસ છે. જે ઈસ્લામની કામયાબી અને એહલેબૈત(અ.મુ.સ.)ની અઝમતો ઉપર મુકમ્મલ દલીલ છે.

મુબાહેલાનો મતલબ છે કે એકબીજા ઉપર લાનત કરવી. બે વ્યક્તિ અથવા બે સમૂહ કે જેઓ પોતાને સાચા રસ્તા ઉપર સમજે છે તેઓ બારગાહે ઈલાહીમાં દુઆ કરે છે કે ખુદાવંદે આલમ ખોટા ઉપર લાનત કરે કે જેથી સૌની સામે આ વાત સ્પષ્ટ થઈ જાય કે ક્યો વ્યક્તિ કે સમૂહ સાચો છે.

પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ નજરાનના નસારાઓને મુબાહેલા માટે બોલાવ્યા. જેને નસારાઓએ કબૂલ તો કરી લીધું પરંતુ પછી મુબાહેલાથી ઈન્કાર કરી દીધો. જ્યારે તેઓએ જોયું કે પયગંબરે ઈસ્લામ પોતાના અત્યંત નઝદીકી લોકો એટલે કે પોતાની દુખ્તર જનાબે ફાતેમા(સ.અ.), પોતાના ભાઈ ઈમામ અલી(અ.સ.) અને પોતાના નવાસાઓ હસનૈન(અ.મ.સ.)ને સાથે લઈને આવ્યા છે. જે આપ(સ.અ.વ.)ની સચ્ચાઈ અને સદાકતની નિશાની હતી. આવી રીતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) આ મુબાહેલામાં કામયાબ થયા.

આ આયતે મુબાહેલા સૂરએ આલે ઈમરાનની ૬૧ મી આયત છે. જે મુબાહેલાના બનાવ તરફ ઈશારો કરે છે.

“હરગીઝ તે વિષે જે ઈલ્મ તને મળી ચૂક્યું છે તે પછી પણ જે કોઈ તારી સાથે તેના (હઝરત ઈસા(અ.સ.)નું બંદા અને રસૂલ હોવાના) સંબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો અમે અમારી ઔલાદને બોલાવીએ અને તમે તમારી ઔલાદને બોલાવો, અને અમે અમારી ઓરતોને બોલાવીએ અને તમે તમારી ઓરતોને બોલાવો, અને અમે અમારા નફસોને બોલાવીએ તથા તમે તમારા નફસોને બોલાવો;

પછી આપણે (અલ્લાહ પાસે) બદદુઆ (મુબાહેલા) કરીએ જેથી જૂઠું બોલનારાઓ પર અલ્લાહની લાનત થાય.''

*** મુબાહેલાનો બનાવ આ મુજબ છે.**

ઈસ્લામની શરૂઆતમાં નજરાન એક એવી વસ્તી હતી કે જ્યાં ઈસાઈ રહેતા હતા. જેઓએ બુતપરસ્તી છોડીને ઈસાઈય્યત અપનાવી લીધી હતી. જ્યારે પયગંબરે અકરમ(સ.અ.વ.)એ તમામ હૂકૂમતના કેન્દ્રો અને મઝહબી પેશ્વાઓને પત્ર લખીને ઈસ્લામની દાવત આપી. તો એક પત્ર નજરાનના ઈસાઈ રહેનુમાને પણ લખ્યો. જેમાં તેને ઈસ્લામની દાવત આપી. પયગંબરે અકરમ(સ.અ.વ.)ના પ્રતિનિધીઓએ આ પત્ર ઈસાઈ રહેનુમાને હવાલે કર્યો. જેમાં આ મુજબ લખ્યું હતું.

**''શરૂ કરૂં છું ઈબ્રાહીમ, યાકુબ અને ઈસ્હાકના ખુદાના નામથી. ખુદાના રસૂલ મોહમ્મદ(સ.અ.વ.)ની તરફથી નજરાનના રહેનુમા પાદરીના નામે. હું ઈબ્રાહીમ, યાકુબ અને ઈસ્હાકના ખુદાની તારીફ બજાવી લાવું છું અને તમને બંદાઓની પૂજાને તર્ક કરીને ખુદાની ઈબાદત કરવાની દાવત આપું છું.**

**તમને આ વાતની દાવત આપું છું કે બંદાઓની વિલાયતમાંથી નીકળીને ખુદાની વિલાયતમાં દાખલ થઈ જાઓ અને જો તમને અમારી દાવત મંજૂર નથી તો જઝીયો (ટેક્ષ) ભરો. નહીંતર તમારો અંજામ સારો નહીં આવે.''**

પાદરીએ પત્ર વાંચીને તમામ મઝહબી અને ગૈર મઝહબી લોકોને સલાહ સૂચન માટે બોલાવ્યા. સરજીલ નામનો શખ્સ કે જે સલાહકારોમાંથી હતો અને અત્યંત અક્કલમંદ અને હોંશિયાર હતો. તેણે સલાહ આપી કે મેં રહેનુમાઓથી ઘણી વખત આ સાંભળ્યું છે કે એક દિવસ મનસબે નબુવ્વત હઝરત ઈસ્હાકની નસ્લમાંથી નીકળીને હઝરત ઈસ્માઈલની ઔલાદમાં ચાલ્યો જશે. મને લાગે છે કે હઝરત મોહમ્મદ(સ.અ.વ.) ઈસ્માઈલના ફરઝંદમાંથી હોય અને આમ પણ હોય કે તેઓ તે જ પયગંબર હોય કે જેમની બશારત આપણને આપવામાં આવી છે.

સરજીલની સલાહ પછી તે કમીટીએ નિર્ણય કર્યો કે અમુક લોકોને

નજરાનના પ્રતિનિધિ બનાવીને મદીના મોકલવામાં આવે કે જેથી લોકો તે પયગંબરની સચ્ચાઇ જાણી શકે.

નજરાનના હાકિમ અબુ હારેસા બિન અલ્કમાની દેખરેખ હેઠળ સાંઇઠ માણસોનું એક સમૂહુ મદીના રવાના કરવામાં આવ્યું. નજરાનનો આ કાફલો ખૂબજ શાનો શૌકતથી પ્રભાવશાળી પોષાક પહેરીને મદીના મુનવ્વરામાં દાખલ થાય છે. આ લોકો મસ્જિદે નબવીમાં દાખલ થયા કે જેથી પયગંબરે અકરમ(સ.અ.વ.)નો નજદીકથી દીદાર કરી શકે. પયગંબરે અકરમ(સ.અ.વ.)એ કાફલાની આ હાલત જોઇ તો મુલાકાતથી ઇન્કાર કરી દીધો.

અમુક દિવસો આવી જ રીતે પસાર થયા અને કાફલાની મુલાકાત પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)થી ન થઇ શકી. તો મૌલાએ કાએનાતે તેમને કહ્યું કે 'જો પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)થી મુલાકાત કરવી હોય તો સાદો પોષાક પહેરીને આવો.' હવે જ્યારે તેઓ સાદો પોષાક પહેરીને ગયા તો પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ તેઓને પોતાની પાસે બેસાડ્યા અને તેઓથી ચર્ચા અને મુનાઝેરો શરૂ કર્યો.

પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)ની સચોટ દલીલ આપવા છતાં ઈસાઈઓ પોતાના મઝહબ અને પોતાના અકાએદની સચ્ચાઇ ઉપરથી ટસ કે મસ ન થયા. અહીં સુધી કે પછી સૂરએ આલે ઈમરાન આયતે મુબાહેલા નાઝિલ થઇ.

ઈસાઈઓની આ હઠધર્મી પછી નક્કી થયું કે બીજા દિવસે સૂરજ ઊગ્યા પહેલા શહેરની બહાર મેદાનમાં જમા થાય. આ ખબર પૂરા શહેરમાં ફેલાઇ ગઇ. લોકો મુબાહેલા શરૂ થયા પહેલા જ તે સ્થળ પર પહોંચી ગયા. નજરાનના નુમાઇન્દાઓ આપસમાં કહેતા હતા કે ''અગર આજે મોહમ્મદ(સ.અ.વ.) પોતાના સિપાહીઓની સાથે મેદાનમાં હાજર થશે તો જાણ થઇ જશે કે તેઓ હક પર નથી અને જો અગર તેઓ પોતાના અઝીઝોને લઇને આવશે તો તેઓ પોતાના દાવા પર સાચા છે.''

સૌની નજર શહેરના દરવાજા પર ટકેલી હતી. હવે જ્યારે લોકોએ પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)ને દૂરથી આવતા જોયા. તો જોયું કે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ એક હાથથી ઈમામ હુસૈન(અ.સ.)ને આગોશમાં લીધા છે

અને બીજી તરફથી ઈમામ હસન(અ.સ.)નો હાથ પકડીને રાખેલો છે, પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)ની પાછળ જનાબે ફાતેમા(સ.અ.) ચાલી રહ્યા છે અને દરેકની પાછળ આં હઝરત(સ.અ.વ.)ના ચચેરા ભાઈ, હસનૈન(અ.મુ.સ.)ના બાબા અને જનાબે ફાતેમા(સ.અ.)ના શૌહર હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.સ.) આવી રહ્યા છે.

આ મંઝરને જોયા પછી ઈસાઈઓના સૌથી મોટા પાદરીએ કહ્યું કે ‘‘આપણે મુબાહેલા હારી ગયા. હવે અહીંથી ભાગી ચાલો. તે માટે કે આપણે તે ચહેરા જોઈ રહ્યા છીએ કે અગર તેઓએ બદદુઆ કરી તો ઈસાઈય્યત દુનિયાથી ખત્મ થઈ જશે.’’

આ બનાવ પછી હઝરત મોહમ્મદ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ‘‘ખુદાની કસમ કે જેણે મને નબી બનાવ્યો છે. અગર તે લોકોએ મુબાહેલો કરી લીધો તો આ જગ્યા આગથી ભરાઈ જાત અને બધું જ ખત્મ થઈ જાત.’’

પંજેતને પાક(અ.મુ.સ.)ની હક્કાનીય્યતની દલીલ માટે આ મુબાહેલાનો બનાવ અને આયતે મુબાહેલા કાફી છે.

આમીર બિન સાદે પોતાના વાલિદ સાદ બિન અબી વક્કાસથી નકલ કર્યું છે કે મોઆવિયા(લા.અ.)એ સાદને કહ્યું કે ‘‘તમે અલી(અ.સ.)ને બૂરૂં ભલું કેમ નથી કહેતા.’’ સાદે કહ્યું કે ‘‘જ્યાં સુધી મારી યાદમાં ત્રણ ચીજો છે ત્યાં સુધી હું તેઓને બુરૂં ભલું નથી કહી શકતો.’’ ત્યારપછી તે ત્રણ વાતનો ઝિક્ર કરતા કહે છે કે ‘‘તેમાંથી એક આયતે મુબાહેલાનું નાઝિલ થવું છે. જ્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ અલી(અ.સ.), ફાતેમા(સ.અ.) અને હસનૈન(અ.મ.સ.)ને બોલાવીને ફરમાવ્યું ‘આ છે મારા એહલેબૈત.’’

અલ્લાહની બારગાહમાં દુઆ છે કે પરવરદિગાર આપણને દરે એહલેબૈતથી મોતમસ્સીક રાખે અને તેમના હકીકી વારિસ ઈમામે ઝમાના(અ.સ.)ના ગુલામોમાં આપણો શુમાર કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com